પત્ર નં.સુડા/યુ.૩/ટીપીએસ ૪૨(ભીમરાડ)/ ૬૭૨૫

2 6 DEC 2005

પ્રતિ,
મેનેજરશ્રી,
ગર્વમેન્ટ સેન્ટલ પ્રેસ,
રાજકોટ.

વિષય : નગર રચના યોજના નં.૪૨(ભીમરાડ) : સુડા, સુરત અન્વયેનું અધિસુચન અસાધારણ રાજયપત્ર માં પ્રસિધ્ધ કરવા બાબત.

શ્રીમાન,

જયભારતસહ ઉપરોક્ત વિષયાન્વયે જણાવવાનું કે, સુરત શહેરી વિકાસ સત્તામંડળે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૨(૧) તથા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો ૧૯૭૯ ના નિયમ નં.૧૮ અન્વયે નગર રચના યોજના નં.૪૨(ભીમરાડ) : સુડા સુરતની દરખાસ્તોનો મુસદ્દો તૈયાર કરેલ છે.

સદરહુ નગર રચના યોજના મુસદ્દાના અધિસુચનની નકલ નામદાર ગુજરાત સરકારશ્રીના અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવા આ સાથે પાઠવેલ છે, જે રાજયપત્રમાં તાત્કાલીક સત્વરે છાપીને પ્રસિધ્ધ કરવા વિનંતી છે, તેમજ સદર રાજયપત્રની દશ (૧૦) નકલો બીલ સાથે અત્રેને પાઠવવા પણ વિનંતી છે.

બિડાણ : અધિસુચનની બે નકલ.

(મહેન્દ્ર પટેલ) ૧/૧૨
મુખ્ય કારોબારી અધિકારી
સુરત શહેરી વિકાસ સત્તામંડળ,
સુરત.

નકલ જયભારતસહ રવાના :

૧. સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિમાર્ણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂં.
૨. મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજય, જુના સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂં.

C:\My Documents\DRAFT TPS NO 37 (VARIYAV)36 MUSADDA.doc